**ફો.પ.અ.નં.૧૬૭૮/૨૦૨૪.**

**–:: આંક–૧૫ ની વચગાળાનું ભરણપોષણ મળવાની અરજી હેઠળ હુકમ :–**

(૧) આ કામના અરજદારે આ કામના સામાવાળાઓ વિરુધ્ધ કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ–૨૦૦૫ ની કલમ–૧૨ હેઠળ દાદ મેળવવા અરજી દાખલ કરેલ છે અને આંક–૧૫ થી સદર કાયદાની કલમ–૨૩ હેઠળ વચગાળાનો હુકમ મળવા માટે અરજ કરેલ છે.

(૨) અરજદારની અરજીની ટુંકમાં હકીકત જોઈએ તો અરજદારે સામાવાળા નં. ૧ તથા અન્ય સામાવાળાઓ સામે સદર કાયદાની કલમ–૧૨ હેઠળ ફરીયાદ કરેલ છે જે ફરીયાદ ચાલતા ઘણો લાં બો સમય જાય તેમ છે. અરજદારોને વચગાળાના ભરણ પોષણ પેટે આ કામના સામાવાળાઓના મોભાને અનુરૂપ જીવન જીવવા હાલ માસીક રૂા.૨૦,૦૦૦/–ની જરૂરીયાત હોય તેઓ અરજદાર હાલ કોઈ આવક મેળવતા નથી. હાલની મોંઘવારીમાં તેઓનું જીવન જીવવું મુશ્કેલ બની ગયેલ હોય, તેમજ અરજદાર અભ્યાસ કરતા હોય, અને તેઓ પાસે કોઈ આવકનું કોઈ સાધન ન હોય જેથી અભ્યાસ તેમજ કાયમી ભરણ પોષણ માટે હાલની અરજી કરવા અરજદારને ફરજ પડેલ છે. અરજદારે તેમની મુળ અરજીમાં વચગાળાના ભરણપોષણ અંગેની દાદ માંગેલ છે. પરંતુ કોઈ ટેકનીકલ ક્ષતિ ન રહે તેથી અલગથી હાલની આ અરજી કરેલ છે. હાલની આ અરજીના સમર્થનમાં અરજદારનું કાયદા મુજબનું સોગંદનામું રજુ છે. સદરહું અરજી કરી દાદ માંગેલ છે કે, અરજદારની મુખ્ય અરજી ચાલતા લાંબો સમય લાગે તેમ હોય, અરજદારોને વચગાળાના ભરણ

પોષણ પેટે આ કામના સામાવાળાઓના મોભાને અનુરૂપ જીવન જીવવા હાલ માસીક રૂ.૨૦,૦૦૦/–ની જરૂર છે. સદરહું રકમ અરજીની તારીખથી દર માસે ચડયે ચડયા આ કામના સામાવાળાઓ ચુકવી આપે તેવો વચગાળાનો હુકમ ફરમાવવા નમ્ર અરજ છે.

(૩) આ કામે અરજદારની સદર અરજી અનુસંધાને સામાવાળા તરફે આંક–૧૮ થી વાંધા–જવાબ રજુ કરેલ છે, જેમાં તેઓએ અરજદારની અરજી ખોટી, ઉપજાવી કાઢેલી શુધ્ધબુધ્ધિ વગરની, ગળેપડુ તેમજ સામાવાળાઓને ખોટી રીતે હેરાન પરેશાન કરવાના એકમાત્ર ઈરાદાથી કરેલ હોય અરજી ખર્ચ સહીત રદ કરવા જણાવેલ છે. અરજદારે આંક– ૧૨થી અરજદારનું સર તપાસનું સોગંદનામું તારીખ: ૧૭/૦૫/૨૦૨૫ ના રોજ આપ નામદાર અદાલતમાં રજુ કરેલ છે પરંતુ અરજદાર જે આંક–૧૩ ની અરજી તથા આંક–૧૫ ની હાલની અરજીઓ કરી અરજદાર પોતેજ કામ લંબાવે છે. આ કામમાં અરજદારે કોઈ મૌખિક પુરાવો આપેલ ન હોય, આ કામમાં અરજદારનો પુરાવો હજુ ચાલુ છે ત્યારે અરજદાર મૌખિક પુરાવો આપ્યા વીના હાલની અરજી કરવા કોઈ લોકસ સ્ટેન્ડી જ નથી. અરજદારે સામાવાળાઓના મોભાને અનુરૂપ જીવન જીવવા માટે હાલ માસીક રૂ.૨૦,૦૦૦/–ની જરૂરીયાત હોય ત્યારે પ્રથમ અરજદારે રજુ સામાવાળાઓના કેવા પ્રકારનો મોભો છે તે સાબિત કરવાનું રહે તેમજ માસીક રૂ.૨૦,૦૦૦/– એ વૈભવી જીવન શૈલી માટે પણ ખુબજ વધુ પ્રમાણમાં કહેવાય. સામાન્ય જીવન જીવવા માટે સામાન્ય રકમ પણ પુરતી કહેવાય. અરજદાર તેના

માતાપિતા સાથે રહે છે જેથી અરજદારનું જીવવુ મુશ્કેલ બની ગયેલ હોવાનવી હકીકત માની શકાય તેમ ન હોય કબુલ રાખવામાં આવતી નથી. અરજદાર જયારે સામાવાળા નં. ૧ સાથે રહેતા અરજદારે બી.એસ.સી.નો અભ્યાસ કરવાનું કહેતા સામાવાળા નં.૧નાએ અરજદારનું એ. આર. ભટ્ટ બી.એસ.સી. કોલેજ ઉના ખાતે એડમીશન કરાવેલ અને બી.એસ.સી સેમેસ્ટર ૧ થી ૪ની ફી પણ સામાવાળા નં.૧ નાએ સામાવાળા નં.૧ ના ખાતામાંથી ઓન લાઈન ભરેલી છે. જે ઓનલાઈન ફી કુલ રૂા.૩૯,૦૦૦/– (અંકે રૂપીયા ઓગણ ચાલીસ હજાર પુરા) ભર્યા અંગેની રીસીપ્ટ આ કામે માર્ક ૧૧/૧૧ થી ૧૧/૧૩ ની ખરી નકલ રજુ કરેલ છે.પરંતુ અરજદાર હાલમાં કોઈ અભ્યાસ કરતા હોય તેવો દસ્તાવેજી  પુરાવો કે આધાર પુરાવો આ કામમાં રજુ થયેલ નથી જેથી અરજદારને અભ્યાસ માટે કોઈ રકમની જરૂરીયાત હોય તે હકીકત માની શકાય નહીં.અરજદાર શિક્ષીત છે અને તમામ  ધંધો હુન્નર જાણે છે. અરજદાર બ્યુટી પાર્લરનું તથા ફીઝીયોથેરાપીસ્ટનું કામ કરીને માસીક રૂા.૩૦ થી ૪૦ હજાર જેવું કમાય છે. પરંતુ રેકર્ડ ઉપર આવવા દેતા નથી. અરજદાર સ્વેચ્છાએ સામાવાળા તથા સામાવાળાના ઘરનો ત્યાગ કરીને સ્વેચ્છાએ અરજદાર તેના માતા–પિતા સાથે રહેતા હોય અરજદારણ સામાવાળા સાથે રહેતા ન હોય અને અરજદારણ પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ હોય. જેથી અરજદારણ પાસે કોઈ આવકનું  સાધન ન હોય અરજદારને હાલની અરજી કરવા કોઈ ફરજ પડેલ નથી. કે સદરહું અરજી કરવાનું કોઈ વ્યાજબી કારણ પણ રહેતું નથી. અરજદારે હાલની આંક–૧૫થી જે અરજી કરેલ છે તેમાં પણ

માસીક રૂ.૨૦,૦૦૦/- ની જરૂરીયાત હોય તેવી અરજી કરેલ છે ત્યારે અરજદારે જ ટેકનીકલ ક્ષતી ઉભી કરેલ છે કે જો આપ નામદાર અદાલત ધ્વારા હાલની અરજીમાં કોઈ હુકમ કરવામાં આવે તો મુળ અરજી પણ પુરાવા વીના મંજુર થઈ જાય જેથી આવો કોઈ હુકમ પુરાવા વીના મંજુર કરી શકાય નહી તેવું સ્પષ્ટ પણે તેઓનું માનવું છે. હાલની અરજી ઘરેલું હીંસાથી સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનીયમ-૨૦૦૫ ની કલમ-૨૩ મુજબની કરેલી છે પરંતુ સદરહું કાયદાની કલમ-૨૩માં વચગાળાના ભરણપોષણ અપાવવા અંગેની કોઈ કાયદાકીય જોગવાઈ જ કરેલી નથી. સામાવાળાએ વીશેષમાં જણાવેલ છે કે, સામાવાળા નં.૧ શિક્ષીત છે. તેઓને ઉનાના મેરેજ બ્યુરોના રીટાબેન સાથે વાત કરેલ અને આ રીટાબેને જુનાગઢના મેરેજ બ્યુરોવાળા હિતેશભાઈનો સંપર્ક કરતા આ અરજદાર બંસી સાથે પરીચય કરાવેલો. ત્યારબાદ આ મેરેજ બ્યુરો વાળાએ તેઓને આ લગ્ન કરવા હોય તો સામાવાળા નં.૧ના પાસેથી રૂ.૨,૦૦,૦૦૦/-ની માંગણી કરેલ, ત્યારે તેઓએ સંપૂર્ણ ના પાડી દીધેલ હતી પરંતુ બંસીએ જણાવેલ કે, મેરેજ બ્યુરો વાળાને સાઈડમાં કરી આપણે લગ્ન કરી લઈએ પરંતુ તેઓને આવું કરવું યોગ્ય ન લાગતા તેઓને મેરેજ બ્યુરો વાળાએ માગેલ રૂ.૨,૦૦,૦૦૦/- માંથી છેલ્લો રૂા. ૨૦,૦૦૦/- નકકી કરી તેઓને રકમ ચુકવેલ હતી. અને આ મેરેજ બ્યુરો વાળાએ તેઓના લગ્ન કરાવેલ હતા. લગ્ન બાદ અરજદારણ લગ્ન જીવન ચલાવતા ન હોવા છતા તેઓ સામાવાળા નં. ૧ નાએ અરજદારણના વધુ અભ્યાસની જીદ મુબજ એ.આર.ભટ્ટ કોલેજ ઉનામાં બી.એસ.સી.માં એડમીશન કરાવી

અભ્યાસ સાથે ફી ભરી એડમીશન કરાવેલ છે અને ખુબજ સારી રીતે રાખેલ તેમ છતા અરજદારણ ઘર ચલાવવા માંગતા ન હોવા છતા ખોટા આક્ષેપો સામાવાળા નં.૧ ઉપર કરેલ છે. ખરી હકીકતે અરજદારણે પૈસા પડાવવાના ષડયંત્રના ભાગરૂપે જ તેઓની સાથે લગ્ન કરેલા હતા. અને છુટાછેડા માટે સામાવાળા જે મકાનમાં રહે છે તે મકાન અરજદારણના નામે કરવા જણાવેલ જેથી સદરહું મકાન ઉપર લોન હોય અરજદારણેરૂા.૩૦,૦૦,૦૦૦/–ની માંગણી કરેલી અને જે માંગણીની સામાવાળા નં.૧નાએ ના પાડતા સામાવાળાઓને માત્ર હેરાન પરેશાન કરવાના ઈરાદાથી હાલનો ખોટો કેસ કરી ખોટી અરજી કરેલ છે. સામાવાળાએ અરજદાર સાથે લગ્ન હકક પુરા કરવા માટે જુનાગઢના નામદાર પ્રિન્સીપાલ ફેમેલી જજ સાહેબ જુનાગઢની અદાલતમાં હિન્દુ મેરેજ એકટની કલમ–૯ નીચે દાંમપત્ય જીવનનું પુન:સ્થાપન કરવા અંગે ફેમેલી સ્યુટ નં.૬૯/૨૦૨૫ થી દાવો કરેલ છે. અરજદારણે આંક–૧૩ થી દાવાનો જવાબ રજુ કરેલ છે જે જવાબમાં અરજદારણે સ્પષ્ટ પણે સામાવાળા નં. ૧ સાથે જવા તૈયાર નથી તેવું લેખિતમાં જણાવેલ છે. જેથી આ કામના અરજદારણ સામાવાળા સાથે લગ્ન જીવન ચલાવવા કે સામાવાળા સાથે લગ્નના હકો પુરા કરવા માગતા ન હોય અરજદારણ કોઈ પ્રકારનું ભરણપોષણ મેળવવા હકદાર બનતા નથી. સદરહું દાવાની આંક–૧ની દાવા અરજી તથા આંક–૧૩ થી અરજદારણએ રજુ કરેલ દાવા જવાબની નામદાર ફેમેલી કોર્ટ જુનાગઢની ખરી નકલો છે જે ધ્યાને લેવા અરજ છે. સામાવાળા ઘરેલું હીંસાનુ કોઈ કૃત્ય કરી શકે તેમ છે તેવી કોઈ

હકીકતો અંગે અરજદારણે કોઈ દસ્તાવેજી પુરાવો કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી જેથી અરજદારણે આવા કોઈ પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ ન હોય જેથી અરજદારણની હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે. સામાવાળાનો આંક–૧૦થી રજુ કરેલ વાંધા જવાબ તથા આંક–૧૧ ના દસ્તાવેજી પુરાવ લીસ્ટ સાથે રજુ કરેલ માર્ક ૧૧/૧ થી ૧૧/૧૫ ના દસ્તાવેજો તથા સદરહું અરજીનો હાલનો જવાબ તથા સદરહું જવાબ સાથે રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લઈ અરજદારણની હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં આંક–૪ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નીશાની ૪/૧ થી ૪/૩, અને આંક ૧૭ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નીશાની ૧૭/૧ સુધીના દસ્તાવેજી આધારો રજુ કરેલાં છે. અને આંક–૧૪ થી એફીડેવીટ રજુ કરેલ છે. જયારે સામાવાળા તરફે માર્ક ૧૧/૧ થી ૧૧/૧૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેમજ આંક–૧૬થી એફીડેવીટ રજુ કરેલ છે. વધુમાં અરજદારની સદર અરજીના કામે પ્રોટેકશન ઓફીસરશ્રીનો રીપોર્ટ મંગાવવામાં આવતા આ કામે આંક–૫ થી પ્રોટેકશન ઓફીસરશ્રીનો રીપોર્ટ રજુ થયેલ છે.

(૫) આ કામે અરજદાર તરફે તેમના વિ.વકીલશ્રી ડી.એસ.પરમાર તથા સામાવાળા તરફે વિ.વકીલશ્રી પી.કે. હરીયાણી ની મૌખિક દલીલો સાંભળી. આ કામે અરજદારના વિધ્વાન વકીલશ્રી ધ્વારા

અરજી મુજબની દલીલ કરી વધુમાં જણાવવામાં આવેલ છે કે, અરજદાર દ્વારા તેમના અભ્યાસની ફી રીસીપ્ટ રજુ કરવામાં આવેલ છે અને અરજદાર હાલ તેમના માતા–પિતાના ઘરે રહેતા હોય તેમના પર આશ્રીત છે અરજદારનો અન્ય કોઈ આવકનો સ્ત્રોત નથી જેથી અરજી મુબજની ભરણપોષણ મંજુર કરવા અરજ કરેલ છે. જયારે સામાવાળાના વિધ્વાન વકીલશ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે અરજદાર ધ્વારા મુખ્ય અરજીમાં જે દાદ માંગવામાં આવેલ છે તે જ દાદ વચગાળાની અરજીમાં પણ માગેલ છે તેથી કોઈ હુકમ કરવામાં આવે તો તે આખરી હુકમ બરાબર થઈ જશે. વધુમાં, તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદારની આર્થિક પરિસ્થીતી નબળી હોવા બાબતે પ્ર ોટેકશન ઓફીશરના રીપોર્ટમાં જણાવવામાં આવેલ નથી. આ કામે અરજદાર જાતે જ સામાવાળાનું ઘર છોડીને ગયેલ છે અને સામાવાળા ધ્વારા ફેમીલી કોર્ટમાં લગ્નના હક પુરા કરવાનો કરવામાં આવેલ દાવાના જવાબમાં પણ અરજદાર સામાવાળા સાથે રહેવા માંગતા ન હોવાનું જણાવેલ છે. તેમજ આ કામના અરજદાર ધ્વારા કૃરતા અંગે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. અને કલમ–૨૩ હેઠળ ફકત એકતરફી હુકમ જ થઈ શકે કોઈ મોનેટરી રીલીફ મળી શકે નહીં તેથી અરજદારની સદરહું અરજી મંજુર થવા પાત્ર નથી. વધુમાં તેઓએ તેમની દલીલના સમર્થનમાં નામદાર સુપ્રીમ કોર્ટના કુનાપરેડી શંકા બાલાજી વિ. કુનાપરેડી સ્ર્વણા કુમારી ૨૦૧ ૬ લો સ્યુટ(એસ.સી) ૫૭૯ અને પ્રણવ હરેશ મજમુદાર વિ. ગુજરાત રાજય ૨૦૧૮ લો સ્યુટ (ગુજરાત) ૧૪૩૪ ના ચુકાદા પર આધાર રાખેલ

છે.

(૬) અરજદારની અરજીની હકીકત, સામાવાળા તરફે રજુ થયેલ વાંધા–જવાબ તથા પ્રોટેકશન ઓફીસરશ્રીનો રીપોર્ટ તથા બંને પક્ષોની દલીલો ધ્યાને લીધી. આ કામના અરજદારે આ કામના સામાવાળા વિરુઘ્ધ કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ–૨૦૦૫ ની કલમ–૧૨ હેઠળ દાદ મેળવવા અરજી દાખલ કરેલ છે અને સદર અરજી સાથે કલમ–૨૩ હેઠળ વચગાળાની નાણાંકીય રાહતનો હુકમ મળવા માટે અરજદારે અલગથી વચગાળાની દાદ માટેની અરજી કરેલ છે. આ કામે કલમ–૨૩ને લાગુ કરવા પાછળ નો કાયદાકીય હેતુ ધ્યાને લેવામાં આવે તો આ જોગવાઈ મુજબ જે મહીલાને પરીવાર ધ્વારા ત્યજી દેવામાં આવેલ હોય તેને વચગાળાની તાત્કાલીક રાહત મળી શકે તે હેતુસર લાગુ કરવામાં આવેલ છે. આ કામે કલમ–૨૩(૧) મુજબ અરજદાર ધ્વારા કરવામાં આવેલ મુખ્ય અરજીના હુકમ સુધી વચગાળાના ભરણપોષણ પેટે પુરતી રકમ આપવાનો હુકમ થઈ શકે. આ અરજીના તબકકે કોર્ટે ગુણદોષ પર જઈ નિર્ણય કરવાનો રહેતો નથી પરંતુ ફકત એટલુ જ જોવાનું રહેશે કે અરજદાર તેમના સાસરીયા ધ્વાર કૃરતાનો ભોગ બનેલ છે અને તેના પતિ થી અલગ રહે છે અને જીવન જીવવાનો કોઈ સ ત્રોત ધરાવતા નથી. આ કામના અરજદાર તથા સામાવાળાની રજુઆતો તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા એ હકીકત નિર્વિવાદીત છે કે, આ કામના અરજદાર અને સામાવાળા પતિ પત્નિ છે તથા અરજદાર હાલ તેમના પિતાના ઘરે રહે છે અને સામાવાળાએ તેમના ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી.

(૭) આ કામે સામાવાળાના વિધ્વાન વકીલશ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર સ્વેચ્છાએ તેમનુ ઘર છોડીને ગયેલ છે અને સામાવાળા ધ્વારા ફેમીલી કોર્ટમાં લગ્નના હક પુરા કરવાનો કરવામાં આવેલ દાવાના જવાબમાં પણ અરજદાર સામાવાળા સાથે રહેવા માંગતા ન હોવાનું જણાવેલ છે. તેથી તેઓ ભરણપોષણ મેળવવા હકદાર નથી, પરંતુ અત્રેની અદાલતનું માનવું છે કે, આ પુરાવાનો વિષય બની રહે છે અને જયા સુધી પુરાવો રેકર્ડ કરવામાં ન આવે ત્યાં સુધી આ હકીકતનો નિર્ણય થઈ શકે નહીં. વધુમાં, આ કામના અરજદારની મુખ્ય અરજી ધ્યાનમાં લેવામાં આવે તો સામાવાળાના શારીરીક માનસીક દુ:ખ ત્રાસના કારણે અરજદાર સપ્ટેમ્બર ૨૦૨૪ થી તેમના માવતરે રહે છે. વધુમાં આ કામે આંક-૫ થી રજુ થયેલ પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ વંચાણે લેતા તેમાં પણ અરજદારને સામાવાળા તરફથી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપવામાં આવતો હોવાની હકીકત જણાવેલ છે. આ કામના સામાવાળા દલીલ કરવામાં આવે છે કે, અરજદાર ટયુશન કરી આવક મેળવે છે પરંતુ આવો કોઈ જ પુરાવો તેમના ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. આ કામના સામાવાળાનુ આંક-૧૬ વાળુ એફીડેવીટ ધ્યાને લેવામાં આવે તો તેઓએ તેમનો માસીક પગાર રૂ.૬૦,૪૯૫/- હોવાનું જણાવેલ છે અને તેઓ પર લોન હોવાનું જણાવેલ છે. જે તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના અરજદાર સામાવાળાના પત્નિ હોય અને સામાવાળા ધ્વારા તેમના ભરણપોષણ પેટે કોઈ પણ રકમ ચુકવેલ હોય તેવો કોઈ પુરાવો

આ કામે રજુ કરવામાં આવેલ ન હોય, સદરહું કામ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય, અરજદાર ધ્વારા આ કામે રજુ કરવામાં આવેલ ૧૭/૧ વાળી ફી રીસીપ્ટ ધ્યાને લેતા, અરજદારાને વચગાળાની કોઈ નાણાકીય રાહત આપવામાં ન આવે તો અરજદારને અભ્યાસ માટે તેમજ અન્ય જીવન નિર્વાહના ખર્ચા લગત પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. આ કામે સામાવાળા ધ્વારા જે ચુકાદાઓ પર આાધાર રાખવામાં આવેલ છે તે માનસહ વંચાણે લીધા પરંતુ તે મુખ્ય અરજીમાં સુધારા બાબતે અને કવોશીંગ બાબતેના હોય અત્રેની કેસની હકીકતને લાગુ પડતા નથી. આ કામે અરજદાર ધ્વારા જે ભરણ પોષણની માંગણી મુખ્ય અરજીમાં કરેલ છે તેટલીજ રકમની માંગણી વચગાળાની અરજીમાં કરેલ હોય તે માંગણી મુજબની રકમ જો મંજુર કરવામાં આવે તો મુખ્ય અરજીનો કોઈ અર્થ રહેશે નહીં. તેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા અરજદારને વચગાળા પેટે ભરણ પોષણ આપવું યોગ્ય અને ન્યાયીક જણાતું હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

(૧) અરજદારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારને કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ-૨૦૦૫ ની કલમ-૨૩ હેઠળ આ કામના સામાવાળા નં.૧ નાએ અરજીની તારીખ ૦૬/૧૧/૨૦૨૪ થી અરજદારને માસિક રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરાં) વચગાળાની રાહત

પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો અરજદાર હાલની અરજી સિવાય અન્ય કોઈ અરજીના કામે સામાવાળા પાસેથી કોઈ નાણાંકીય રાહતની રકમ મેળવતા હોય તો તે રકમ સામાવાળા મજરે મેળવવા હકકદાર રહેશે.

(૪) આ હુકમની એક નકલ સબંધીત પ્રોટેકશન ઓફીસરશ્રીને મોકલી આપવી અને તેઓએ આ હુકમની બજવણી સામાવાળાઓને કરવી અને તે હુકમનો અમલ પણ કરાવવો તેવો પ્રોટેકશન ઓફીસરશ્રીને હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૭મી, માહે–જાન્યુઆરી સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

જુનાગઢ.
તારીખ : ૧૭/૦૧/૨૦૨૬

(પ્રેરણા રાજેશ છાપીયા)
પમા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જુનાગઢ
Judge Code : GJ01758